જમીન ઉપર પુષ્કળ બરફ પડયોછે, અને બીચારા નાનાં પક્ષિઓ ખોરાક શોધવાને ફોકટ ફાંફાં મારતાં આમ તેમ કુદેછે.

રાતી છાતીવાળું નાનું રૉબિન અંહીં (આવ્યું) છે. તે ઝાડ ઉપર તમે તેને જુઓછો? તે હિંમ્મતવાન નાનો પક્ષિ છે. જો આપણે રોટલીના થોડા નાના કકડા બારીની પાળ ઉપર મુકયે તો, તે આવશે અને તે ઊંચકી લેશે. પણ આપણે બીલકુલ ચુપ રહેવું જોઇએ, નહીંતોકે તે બીહીને નહાસી જશે. સુંદર રૉબીન કાલે પાછો આવજે, અને હમે તુંને બીજા કેટલાક સારા રોટલીના કકડા આપશું.

શિયાળામાં ગરીબોને (કેવી) તંગી (પડતી હશે) તે વિશે આપણે વિચારવું જોઇએ. ઘણાક છોકરાં પાસે પોતાને ગરમી આપવાને આતશ, ખાવાને થોડો ખોરાક, અથવા થંડીથી પોતાને બચાવવાને કપડાં નથી. પણ ખોદાએ આ સર્વ ચીજ તુંને આપીછે. ખરાં દીલથી તેનો પાડ માન. અને ગરીબોને મદદ કરવાને કોશેશ કર.

જોકે હમણા આપણે પાંદડાં અને ફુલો જોતા નથી, તોબી છોડવાના મૂળો હજુસુધી બરફ તળે સલામત ઢંકાયલાં છે.

વસંત રૂતુનો અવાજ પાછો સંભળાશે. પાછાં ફુલો ખુબસુરતીથી ખીલી નિકળશે, અને ઝાડો ઉપર લીલાં પાંદડાં આવશે. તેઓ મરી નથી ગયાં. તેઓ માત્ર પોતાની શિયાળાની ઊંઘ કાઢેછે.

---

## Quite a Man, પુખ્ત ઉમરે આવેલો માણસ.

Quite, *a.* (ક્વાઇટ) પૂરો.
Knew, *v.* (ન્યૂ) ઓળખતો હતો.
Gate, *s*, (ગેટ) દરવાજો.
Act, *v.* (ઍક્ટ) વર્તેછે; ચાલ ચલાવેછે.
For all that, તે સઘળું છતાંબી.
Plum-stones, *s.* (પ્લમ-સ્ટોન્સ) આલુના ઠળીઆ.
Tease, *v.* (ટીઝ) ખીજવવું; ચીડવવું.
You would not put your foot out તમે તમારો પગ લાંબો નહીં કરો.
To make me fall down, મ્હને પાડી નાંખવાને.
Rude, *a.* (રૂડ) બેઅદબ, અવિવેકી.
Big, *a.* (બિગ) મોટો.
Mean, *a.* (મીન) હલકું.
Brave, *a.* (બ્રેવ) બહાદુર.
Right, *a.* (રાઇટ) ખરૂં.
Grow up, *v.* (ગ્રો અપ) મોટું થવું.

એક છોકરી કે જેની સાથે તૉમને સારી ઓળખાણ હતી, અને તે વખતે તે પોતાના ઘરના દરવાજા આગળ બેઠી હતી, તેણીને તૉમે કહ્યું કે હું ધારૂં છું કે હું જલદીથી પુખ્ત ઉમરે આવીશ.

"ઠીક" તેણીએ કહ્યું "કેટલાક છોકરાઓ ધારેછે કે તેઓ માટીડા છે, પણ એ સઘળું છતાંબી તેઓ છોકરાઓના જેવી ચાલ ચલાવેછે. તૉમ જો તું માટીડો હોય તો, મારી તરફ આલુના ઠળીઆ ફેંકે નહીં. મારા કુતરાને તું ચીડવે નહીં. મને પાડી નાંખવાને તું તારો પગ લાંબો કરે નહીં. જે કામ ખોટું હોય તે કરતાં જ્યારે તું બેઅદબ છોકરાઓને જોય ત્યારે તું હસે નહીં.

તું મોટો છોકરો થાય અને ઉમરે પુગેલો છોકરો થાય પણ જ્યાંસુધી તું માટીડાના જેવી ચાલ ચલાવશે નહીં ત્યાંસુધી હું તુંને માટીડો ગણુશ નહીં. કદાપી ખરો માણસ હલકું કામ કરે નહીં. એક ખરો માણસ બહાદુર અને માનમાકી હોયછે. તે જે કાંઇ ખરૂં હોશે તે કરશે અને બીહીશે નહીં. તૉમ એ વિશે વિચાર કરજે."

ટૉમે કહ્યું "હા હું કરીશ." તું જે કાંઇ કહેછે તે તદ્દન ખરૂં છે. મારે ભલો છોકરો થવાની કોશેશ કરવી જોઇએ કે હું એક ભલો માણુસ થવાને મોટો થાઉં."

---

## Evening, સાંજ.

| | |
|---|---|
| This night, આજ રાતે. | Wake, v. (ૡવેક) ઉઠું. [ખોદા. |
| Lie down, v. (લાઇ ડાઉન) સુઉંછું. | Heavenly father, પવિત્ર પિતા, |
| Lord, s. (લૉર્ડ) **સાહેબ.** | Protect, v. (પ્રોટેક્ટ) રક્ષણુ કર. |
| Soul, s. (સોલ) આતમા; રૂહ. | Bring, v. (બ્રિંગ) લાવ. [શની. |
| Keep, v. (કીપ) સંભાળવા. | Morning light, સહવારની રો- |

આજ રાતે જ્યારે હું ઊંઘવાને સુઉં, ત્યારે મારો આત્મા સંભાળવાને હું ખોદાને સોંપીશ; હું જાગું તે પેહેલાં મરી જાઉં તો, મારો આત્મા ખોદા પોતાને સ્વાધીન લે એવી હું પ્રાર્થના કરૂંછું.

હું મારા નાના બીછાના ઉપર સુઇ જાઉંછું, પવિત્ર પિતા મારો અવાજ સાંભળ: (ઓ) ખોદા રાતે મારૂં રક્ષણુ કરજે (અને) સહવારની રોશની (જોવાને) મને સલામત રાખજે.

---

## Morning, સહવાર.

| | |
|---|---|
| God, s. (ગૉડ) ખોદા; ઇશ્વર. | Rise, v. (રાઇઝ) ઉઠું. |
| Guard, v. (ગાર્ડ) ચોકી કર. | Pleasing, a. (પ્લીઝિંગ) પસંદ પડે; ખુશ લાગે એવું. |
| Through this day, આજે. | Eyes, s. (આઇઝ) નજર. |
| To thee, તારી આગળ. [પરથી. | |
| From my bed, મારાં બિછાણા. | |

હવે હું ઉઠ્યો છું અને રોશની જોઉંછું; રાતે ખોદાએ મને સંભાળ્યો છે. ઓ સાહેબ, હું પ્રાર્થના કરૂંછું કે મને ભલો કરજે; અને આજે મારી સંભાળ રાખજે અને મને તપાસજે.

ઓ **સાહેબ**, મારા **બોકા** જ્યારે હું મારા બીછાણાપરથી ઉઠું, ત્યારે **તારી** હું પ્રાર્થના કરૂંછું કે જે સઘળું હું કરૂં અને બોલું તે તારી નજરમાં સારૂં આવે.

---

**Before Meat**, **ખાનું ખાવા અગાઉ (કરવાની પ્રાર્થના)**

Good, *s.* (ગૂડ) સારૂં કામ.
Daily, *a.* (ડેલિ) દરરોજનો.
Blessing, *s.* (બ્લેસિંગ) આશિર્વાદ
Glory, *s.* (ગ્લોરિ) કીર્તિ.

તારા હાથથી દરેક સારૂં કાંમ થાયછે; હમારા દરરોજના ખોરાકને સારૂ તારો આભાર માન્યે છીએ: અરે, **સાહેબ**, તે સાથે તારા આશિર્વાદ આપ, અને હમે જીવીએ અને તારી કીર્તિ વધાર્યે.

---

# PART III.

## A Willing Boy, કાંઇ પણ કામ કરવાને રાજી થાય એવો છોકરો.

Robert, *s.* (રૉબર્ટ) રૉબર્ટ.
Nurse, *v.* (નર્સ) સંભાળવું; રાખવું
Was spinning, *v.* (ઉવૉઝ સ્પિનિંગ) ફેરવતો હતો.
Top, *s.* (ટૉપ) ભમરડો.
Yard, *s.* (યાર્ડ) આંગણું; ચોક.
Pocket, *s.* (પૉકિટ) ગજવું.
Was bid, *v.* (ઉવૉઝ બિડ) ફરમાવવામાં આવ્યું હતું.
Gentle, *a.* (જેન્ટલ) માયાળુ; નમ્ર.
Honour, *v.* (ઑનર) માન આપ.
Obey, *v.* (ઓબે) તાબે થા.
Children, *s.* (ચિલડ્રન) છોકરાં.
Parents, *s.* (પેરન્ટસ) મા બાપ.
Sin, *v.* (સિન) પાપ કરેછે.
Against, *pre.* (અગેન્ટસ) સામે.

Robert રૉબર્ટ said his mother તેની માએ કહ્યું, will you come તું આવશે and nurse the baby અને બચ્ચાંને રાખશે for me મારે બદલે.

**Robert was spinning રૉબર્ટ ફેરવતો હતો his top પોતાનો ભમરડો** in the yard આંગણામાં, but પણ he at once તેણે એકદમ put it in his pocket તે પોતાનાં ગજવામાં મુક્યો, and said અને કહ્યું yes હા, mother મા.

He was fond of play તે રમતનો શોખીલો હતો, but he had been taught પણ તે શિખેલો હતો to make himself useful પોતે ઉપયોગી થવાને and to do અને કરવાને as he was bid, જે પ્રમાણે તેને ફરમાવવામાં આવતું હતું.

How kind and gentle કેવી માયા અને નરમાસથી he was તે વર્તતો (ચાલતો) હતો with the bady તે બચ્ચાં સાથે.

God says ખોદા કહેછે honour thy father and thy mother તારા બાપ અને તારી માને માન આપ. To honour them તેઓને માન આપવું is (બરોબર) છે to obey them તેઓને તાબે થવા. When children જ્યારે છોકરાંઓ do not obey તાબે થતાં નથી their parents તેઓના માબાપને they sin તેઓ પાપ કરેછે against God ખોદા સામે.

---

## The two white rabbits, બે સફેદ સસલા.

| | |
|---|---|
| Present, *s.* (પ્રેઝન્ટ) ભેટ. | Both, *a.* (બોથ) બેઉ; બંધે. |
| White, *a.* (હ્વાઇટ) સફેદ. | Something, *s.* (સમથિંગ) કાંઇ. |
| Rabbits, *s.* (રૅબિટસ) સસલા. [ઘર. | Basket, *s.* (બાસકેટ) ટોપલી. |
| Rabbit-house, સસલા રાખવાનું. | Filled, *p.* (ફિલ્ડ) ભરેલી. |
| Hutch, *s.* (હચ) સસલાં રાખવાનું ઘર. | Turnips, *s.* (ટર્નિપ્સ) સલગમ. |
| (Had been) left, (લિફ્ટ) રાખ્યું હતું. | Carrots, *s.* (કૅરોટસ) ગાજર. |
| Open, *a.* (ઓપન) ઉઘાડું. | Stood, *v.* (સ્ટૂડ) મુકેલી હતી. |
| Got (out,) *v.* (ગૉટ) બહાર આવ્યા. | Found, *v.* (ફાઉન્ડ) દીઠી. |

Began, *v.* (બિગૅન) સહુરૂ કીધું.
There, *ad.* (ધેર) આં.
Picture, *s.* (પિકચર) ચિત્ર;છબી.
Hind, *a.* (હાઇન્ડ) પાછળા.
Reaches, *v.* (રીચિસ) પહોંચે છે.
Pulled down, *v.* (પુલ્ડ ડાઉન) ખેંચીને નીચે નાંખી.
Meals, *s.* (મીલ્સ) ખાનું.

Little Henry નાના હેનરીને got a present ભેટ મળ્યાં of two white rabbits બે સફેદ સસલાં; one was a big rabbit એક મોટો સસલો હતો and the other was a little one અને બીજો નાનો હતો.

They were put તેઓને રાખ્યા હતા into a little house એક નાના ઘરમાં made of wood લાકડાનાં બનાવેલાં. Do you know તમે જાણોછો what a rabbit house is called સસલાંના ઘરને શું કહેછે? It is called a hutch તેને "હચ" (સસલાંનું ઘર) કહેછે. One day એક દહાડે the door of the huch સસલાંના ઘરનું બારણું had been left open ઉઘાડું રહ્યું હતું and the rabbits got out અને સસલાં બહાર આવ્યાં.

They both તેઓ બેઉ ran about the garden બાગમાં આમ તેમ દોડ્યાં, seeking for something to eat કાંઇ ખાવાનું શોધવાને.

A big basket એક મોટી ટોપલી, filled with fine fresh turnips and carrots સારા તાજા સલગમ અને ગાજરથી ભરેલી stood a little way off થોડેક દૂર મુકેલી હતી.

The rabbits સસલાંઓએ soon found જલદીથી લીધો their way to it તે તરફ પોતાનો રસ્તો.

There આં they are તેઓ છે in the picture ચિત્રમાં. Do you see them? તમે તેઓને જુઓછો? The big rabbit મોટો સસલો sits on his hind feet પોતાના પાછળા પગ પર બેસેછે and reaches અને પહોંચેછે to the top of the basket ટોપલીના મથાળા સુધી. See જો, he has pulled a turnip down તેને એક સલ-

ગમ ખેંચીને નાંખ્યોછે. It has fallen તે પડયોછે on the ground જમીનપર and the little rabbit અને નાનો સસલો runs to it તે તરફ દોડેછે and begins to eat too અને ખાવાનેબી સહરૂ કરેછે.

It is a good thing that સારૂં થયું કે the big rabbit મોટા સસલાએ pulled this turnip down આ સલગમ ખેંચીને નિચે નાંખ્યો for કારણ કે the little one નાનો સસલો could not have reached પહોંચ્યો નહતે to the top of the basket ટોપલીના મથાળા સુધી.

In this way એ રીતે the big one મોટા સસલાએ helped the little one નાના સસલાને મદદ કીધી. This is just એ બરોબર છે what boys and girls should do છોકરા અને છોકરીઓએ જે કાંઇ કામ કરવું જોઇએ તેની, at their meals ખાનું ખાતી વખતે They તેઓએ should help મદદ કરવી જોઇએ the little ones first નાનાં છોકરાંઓને પેહેલે.

This is a good lesson એ એક સારો ઉપદેશ છે to learn શિખવાને (લેવાનો) from Henry's white rabbits હેનરીના સફેદ સસલાં પરથી. Is it not? શું એ (ખરૂં) નથી.

---

## Fan and her pups, ફૅન અને તેણીનાં કુરકુરિયાં.

Shouting, *p.* (શાઉટિંગ) બુમ પાડતો.
Stable, *s.* (સ્ટેબલ્) તબેલો.
Lay, *v.* (લે) પડેલી હતી.
Black, *a.* (બ્લૅક) કાળાં.
Ever, *ad.* (એવર) કદી, કોઇપણ વખત.
Touch, *v.* (ટચ) હાથ લગાડવો.
Blind, *a.* (બ્લાઇન્ડ આંધળા.
wandering, *p.* (વૉનડરિંગ) ભટકવું.
Among, *pre.* (અમંગ)માં
Placing, *p.* (પ્લેસિંગ) મુકીને.
Took, *v.* (ટૂક) લેઇ ગઇ.
Show, *v.* (શો) દેખાડવું.
Able, *a.* (એબલ્) શક્તિવાન.
Take care, સંભાળ લેવી.

**Harry** **હરિ** **ran into the house** **ઘરમાં દોડી ગયો** **shouting** Susy, Susy, Susy **સુસિ, સુસિ, સુસિ,** બૂમ પાડતો ! **come and** see આવ ને જો **what Fan has got** **ફૅન પાસે શું છે તે.**

Susy, સુસિ, hearing her brother call પોતાના ભાઇને બોલાવતો સાંભળીને went to him તેની આગળ ગઇ. Then they went together ત્યાર પછી તેઓ સાથે ગયાં across the yard આગણામાં થઇને into the stable તબેલામાં.

There lay Fan ફૅન પડેલી હતી, on the straw સુકા ઘાસ ઉપર with four of the prettiest little black and white pups ચાર સૌથી સુંદર જરા કાળાં અને સફેદ કુરકુરિયાં સાથે you **ever saw તમે કદી જોયલાં.**

Susy wanted to take them સુસિ તેઓને લઇ જવા માગતી હતી into the house ઘરમાં to play with them તેઓની સાથે રમવાને. But Harry પણ હરિએ would not let her touch **તેણીને હાથ લગાડવા દીધો નહીં** one of them તેમાંના એકનેથી.

Wait a few days થોડા દહાડા થોભ he said તેણે કહ્યું then ત્યાર પછી they will be able તેઓ શક્તિવાન થશે to see જોવાને.

**Are they blind now?** શું હમણા તેઓ આંધળાં છે? asked **Susy સુસિએ પુછ્યું.**

**All dogs are** blind સઘળા કુતરા આંધળા હોય છે till ત્યાંસુધી **they are nine days old** નવ દહાડાના થાયછે said her **brother તેણીના ભાઇએ કહ્યું.**

**As soon as જેવાં** the pups could see તે કુરકુરિયાં જોવાને શક્તિવાન **થયાં Harry and Susy** તેવાંજ હરિ અને સુસિ went to

look at them તેઓને જોવા ગયાં. When the children જ્યારે છોકરાંઓ went into the stable તબેલામાં ગયાં, they saw તેઓએ જોયું one of them તેઓમાંનું એક running back પાછું દોડ્યું to his mother પોતાની મા તરફ. It had been wandering about આમ તેમ તે દોડતું હતું among the straw ઘાસમાં.

Placing them તેઓને મુકીને in a basket એક ટોપલીમાં Susy took them સુસિ તેમણે લઇ ગઇ into the house ઘરમાં to show them તેઓને દેખાડવા to her mother પોતાની માને.

The children તે છોકરાંઓ went every day દરરોજ જતાં હતાં to see the little pups નાનાં કુરકુરિયાં જોવા;and soon they were able અને જલદીથી તેઓ શક્તિવાન થયાં to run about આસપાસ દોડવાને and take care of themselves અને પોતાની સંભાળ લેવાને.

---

## A game with puss, બિલાડી સાથે રમત.

Game, *s.* (ગેમ) રમત; ગમત.
Puss, *s.* (પુસ) બિલાડીનું લાડકું નામ.
Tied, *v.* (ટાઇડ) બાંધી.
Piece, *s.* (પીસ) કકડો.
Tassel, *s.* (ટેસલ) ફુમતું.
Held, *v.* (હેલ્ડ) ધર્યું.
Look for, શોધવું; જોવું.
Half asleep, અર્ધી ઉંઘતી.
Foot-stool, *s.* (ફુટ-સ્ટૂલ) પગ ટેકવવાનો પાંતલો, દુલ.
Parlour, *s.* (પારલર) ઓરડો.
Quietly, *ad.* (કવાએટલી) આસ્તેથી.
Placed, *v.* (પ્લેસ્ડ) મુક્યું.
Beyond, *pre.* (બિયૉન્ડ) પેલીએર-
Spot, *s.* (સ્પૉટ) જગ્યા. [ગમ.
Draw, *v.* (ડ્રૉ) ખેંચી લેવું.
Opened, *v.* (ઓપન્ડ) ઉઘાડી.

**Fixed**, *v.* (ફિક્સ્ડ) તાકી.
Fixed eyes on it, એકી નજરે તે તરફ જોયા કીધું.
Arose, *v.* (અરોઝ) ઉઠી.
Sudden, *a.* (સડન) એકાએક; એકદમ.
Jerk, *s.* (જર્ક) આંચકો.
Delight, *s.* (ડિલાઇટ) ખુશી.
Sprang, *v.* (સ્પ્રૅંગ) કુદી.
Paws, *s.* (પૉઝ) પંજા.
Chase, *s.* (ચેસ) રમત.
After, *pre.* (આફ્ટર) પછવાડે.
At last, છેલ્લે.
Made a sudden dash, એકાએક ધસારો કીધો.
**Dash**, *s.* (ડૅશ) ધસારો.
Pouncing, *p.* (પાઉન્સિંગ) તરાપ મારીને.
Snatched, *v.* (સ્નૅચ્ડ) ઝુંતાવી.
Made off with it, તે લેઇને નહાસી ગઇ.
What a race they had after her, કેવી ઝડપથી તેઓ તેણીની પછવાડે દોડતાં હતાં.
Jumped up, (જમ્પ્ડ અપ) કુદી.
Chair, *s.* (ચૅઅર) ખુરસી, માચી [લીધું.
Caught, *v.* (કૉટ) પકડી.
Again, *ad.* (અગેન) ફરીથી.

વિલિએ પોતાની બેહેન મેરીને કહ્યું કે આવ અને બિલાડી સાથે રમત રમ. જ્યારે તે બોલ્યો ત્યારે જે ફુમતું તેણે પોતાના હાથમાં ધર્યું હતું તે એક દોરીના કકડા સાથે તેણે બાંધ્યું.

પછી તેઓ સાથે બિલાડીને શોધવા ગયાં. તેઓએ તેણીને ઓરડામાં એક પગ ટેકવાના તુલ ઉપર અર્ધી ઊંઘતી પડેલી જોઇ.

જે જગ્યાપર તે બિલાડી સુતેલી હતી, તે જગ્યાની બરાબર પેલીમેર વિલિએ આસ્તેથી તે ફુમતું મુંક્યું. તેની આગળથી તે થઇને જાય તેમ આસ્તે આસ્તે તે ખેંચવા લાગ્યો. જેવું તે ખસવા લાગ્યું કે તે બિલાડીએ પોતાની આંખ ઊઘાડી, અને એકી નજરે તે તરફ જોયા કીધું. પછી જે પ્રમાણે તમે ચિત્રમાં જુઓછો તે પ્રમાણે તે તપાસવાને અર્ધી ઉઠી.

આખરે વિલિએ તે દોરીને એકદમ આંચકો માર્યો. પછી તે બિ-

લાડી, જે પ્રમાણે તે એક ઊંદર તરફ કુદે, "તે પ્રમાણે તે ફુમતા તરફ કુદી, તેથી મેરીને ઘણી ખુશી ઉપજી.

વીલીએ એટલી તો ઝડપ કીધી કે તે તેણી ઝુંટાવી શકી નહીં. અને તેને બીજો આચકો મારીને તેણે તે તેણીના પંજામાં જવા દીધું નહીં.

પછી રમત સહરૂ થઇ, અને તે છોકરાંઓ આગળ અને તે બિલાડી પાછળ એ રીતે તે ઓરડાની આસપાસ તેઓ દોડીઆં.

આખરે તે બિલાડીએ એકાએક આગળ ધસારો કીધો, અને તે ફુમતા ઉપર તરાપ મારીને તેણીએ તે વિલિના હાથમાંથી છીનવી લીધું અને તે બેઇને નહાસી ગઇ.

તેઓ કેવી ઝડપથી તેણીની પછવાડે દોડતાં હતાં! તે કોચ નિચે દોડી, પછી તેબલ નીચે પણ તે આખરે એક ખુરસી ઉપર કુદીને તે સાથે (આવી) અને વિલિએ પાછું તે પકડી લીધું.

---

## A good little girl, એક ભલી નાની છોડી.

The wind was blowing very hard, ઘણો સખત પવન ફુકતો હતો.
Street, *s.* (સ્ટ્રીટ) મહોલો.
Met, *v.* (મેટ) મલ્યા.
Who could hardly walk, જે ઘણી મુશકેલાથી ચાલી શકતો હતો.
Blew off, *v.* (બ્લિઉ ઑફ) ઉરાડી નાંખી.
Stop, *v.* (સ્ટૉપ) ઉભા રહેવું.
Else, *ad.* (એલ્સ) નહીંતો કે.
I am afraid, મને ધાસ્તી લાગેછે
Stood, *v.* (સ્ટૂડ) ઉભા રહ્યા.
Still, *ad.* (સ્ટીલ) શાંત.
Just then, તે વખતે, તરતજ.
Same, (સેમ) તેજ.
Came in sight, જણાઇ; દેખાઇ.
Without waiting to be asked, કહેવાની વાર જોયા વગર.

She brought it back, તેણી
તે પાછી લાવી. [ળથી.
Carefully, *ad.* (કેરફુલિ) સંભા-
Wiped, *v.* (ઉવાઇપ્ડ) લુછીનાખી.
Thank you, તારો ઉપકાર માનુંછું
Kindness, *s.* (કાઇન્ડનેસ) માયા.
Onward, *ad.* (ઑનવર્ડ) આગળ.
Teacher, *s.* (ટીચર) શિક્ષક.
Were over, પૂરા થયાં, લેવાઇરહ્યાં.
Told, *v.* (ટોલ્ડ) કહ્યું.
Desk, *s.* (ડેસ્ક) ઉપર ઢળતાં ચોક-
ઠાવાળું ટેબલ. [કાઢી.
Took out, *v.* (ટૂક આઉટ) બાહેર

Picture-book, *s.* (પિકચર-બુક)
ચિત્રની ચોપડી. [માંહે.
Inside, *pre.* (ઇનસાઇડ) અંદર;
Cover, *s.* (કવર) કવર, પુઠું.
Verse, *s.* (વર્સ) કવિતા.
Deeds, *s.* (ડીડ્ઝ) કામો.
Make, *v.* (મેક) કરવું.
Earth, *s.* (અર્થ) દુનિયાં, પૃથ્વી.
Eden, *s.* (ઇડન) સુખકારક જગ્યા,
Heaven, *s.* (હેવન) સ્વર્ગ [બેહેસ્ત.
Felt ashamed, સરમાઇ ગયાં,
Sorry, *a.* (સૉરિ) દલગીર.
Conduct, *s.* (કૉનડક્ટ) ચાલ.

જ્યારે બે છોકરાઓ નિશાળે જતા હતા, ત્યારે ઘણો સખત પવન ફુકતો હતો. મોહોલામાં તેઓ એક બુઢા માણસને મલ્યા કે જે ઘણી મુશકેલીથી ચાલી શકતો હતો.

જેવા તેઓ તેની આગળથી થઇને (જરા આગળ) ગયા કે તરતજ પવનથી તે બુઢા માણસની તોપી ઉડી ગઇ. તે મોહોલામાં ઝડપથી ઘણી આગળ નિકળી ગઇ; પણ તે બુઢો માણસ તેની પાછળ દોડવાને અશક્ત હતો.

તે બુઢા માણસે કહ્યું "મારા છોકરાઓ મેહેરબાની કરીને ઉભા રહો અને મારી તોપી ઉચકી લો, નહીતો કે મને ધાસ્તી લાગેછે કે તે હું ખોઇશ."

પણ તે છોકરાઓ શાંત ઉભા રહ્યા, અને ખાલી હસ્યા કીધા; તે તોપીને આમ તેમ ઉડી જતી જોવી એ તેઓને મનાસે સરસ મજા હતી.

પછી તરતજ એક નાની છોકરી જે તેજ નિશાળે જતી હતી તે આવતી જણાઇ. કહેવાની વાર જોયા વગર તે એકદમ દોડી અને તોપી ઊચકી લીધી.

પછી તે બુઢા માણસ આગળ તે તોપી પાછી લાવી. પણ તેને તે આપી તેની અગાઉ તેણીએ તે સંભાળથી નુંછી નાંખી.

તે છોકરા અને છોકરી આગળ (ગાળીને) નીશાળે ગયાં. પણ (તેઓના) શિક્ષકે એક બારીએથી તેઓને જોયાં હતાં.

પાઠ લેવાઇ રહ્યા ત્યારે તેણે નિશાળમાંનાં છોકરાંઓને તે બુઢા માણુસની તોપી વિશેની સઘળી વાત કહી.

પછી પોતાના ઢળતાં ચોકઠાંવાળાં ટેબલ આગળ તે ગયો અને ચીત્રની એક સુંદર ચોપડી બાહેર કાઢી કે જે ચોપડી, તે નાની છોકરીને તેણીની માયાને સારૂં આપી.

પુઠાંની માંહે તેણીનું નામ લખેલું હતું અને તેની નિચે આ કવિતા હતી:—

દયાના નાનાં કામો અને પ્યારના થોડાક શબ્દો, ઉપરના સ્વર્ગની માફક આ દુનિયાંને સુખકારક જગ્યા બનાવેછે.

તે છોકરાઓ, તે બુઢા માણુસ તરફ ચલાવેલી પોતાની ચાલને સારૂં શરમાઇ ગયા અને દિલગીર થયા.

---

## Little wheel and big wheel, નાનું અને મોટું પૈડું.

Waggon, *s.* (વૅગન) ગાડું.
Waggon-wheel, ગાડાંનું પૈડું.
Difference, *s.* (ડિફરન્સ) તફાવત.
Between, *pre.* (બિટ્વીન) વચ્ચે.

Course, *s.* (કોર્સ) રસ્તો. [રહ્યે છીએ
Pursue, *v.* (પરસ્યુ) કાપીએ છીએ; ચા
Small, *a.* (સ્મૉલ) નાની. [લવું.
Keep up, *v.* (કીપ અપ) ટકવું નિ-

**Larger**, *a.* (લારજર) વધારે મોટું.
**Own**, *v.* (ઓન) કબુલ કરૂં છું.
**Friend**, *s.* (ફ્રેન્ડ) દોસ્ત.
**Quickness**, *s.* (ક્વિકનેસ) ઝડપ.
**Supplies**, *v.* (સપલાઇઝ) પુરૂં પાડેછે.
**What I want in my size**, મને મારા કદમાં જેની ખુટ છે તે
**Size**, *s.* (સાઇઝ) કદ.
(The) front, *s.* (ફ્રન્ટ) આગળો [ભાગ.
End, *s.* (એન્ડ) છેડો.

ગાડાંનું મોટું પૈડું નાનાં પૈડાંને કહેછે, "આપણી વચ્ચે હું કેટલો બધો તફાવત જોઉંછું! જ્યારે આપણે આપણો રસ્તો કાપીએ છીએ, ત્યારે તારા જેવું નાનું શું મારા જેવા મોટાની બરોબર રહી શકશે?"

ગાડાંનું નાનું પૈડું મોટાં પૈડાંને કહેછે, "મારા ભલા દોસ્ત, હું કબુલ કરૂં છું કે તું મોટું છે; પણ મારી ઝડપ મને મારા કદમાં જે ખુટ છે તે પૂરી પાડેછે, તેથી કરીને હું આગળા ભાગમાં છેલે સુધી રહુંછું."

---

## Tidy Tom, સુઘડ તોમ.

Country School ગામડાંની નિશાળ.
**Tidy**, *a.* (ટાઇડિ) સુઘડ; ઠીક ઠાક.
**Dirty**, *a.* (ડરટિ) મેલો; ગંદો.
**Name**, *s.* (નેમ) નામ.
**Rose up**, *v.* (રોઝ અપ) ઉઠતો હતો.
**Early**, *ad.* (અરલિ) સવારે.
**Break-fast**, *s.* (બ્રેકફાસ્ટ) સવારેનું ખાણું.
**Brushed**, *v* (બ્રશ્ડ) સાફ કરતો [હતો.
**Boots**, *s.* (બુટસ) જોડા, બુટ.
Make them shine, તેઓને ચલકતાં કરવા.
Dust, *s* (ડસ્ટ) ધુળ.
Cap, *s.* (કૅપ) તોપી.
Coat, *s.* (કોટ) ડગલો.
Washed, *v.* (વૉશ્ડ) ધોતો હતો.
Combed, *v.* (કોમ્બ્ડ) હોરતો હતો.
**Started off**, *v.* (સ્ટારટેડ ઓફ) જવા નિકળતો હતો.
**In time**, બરોબર વખતે.
Clean, *a.* (ક્લીન) સાફ.

એક સુંદર ગામડાંની નિશાળમાં એક વખત બે છોકરા હતા, કે જેઓને સુઘડ તૉમ અને ગંદો ડૅન કહેતા હતા. તૉમે પોતાનું નામ કેમ મેળવ્યું તે વિશે ચાલો હું તમને કહું.

દરરોજ સહવારે તે ઘણો સકારો ઉઠતો હતો, નાસ્તો ખાવાની અગાઉ તે પોતાના બુટને ચળકતાં કરવાને બ્રશથી સાફ કરતો હતો, અને પછી પોતાની તોપી અને દગલાને સંભાળથી બ્રશથી સાફ કરીને તેમાંથી સઘળી ધુળ કાઢી નાંખતો હતો.

તે પછી પોતાનું મોહડું અને હાથ ધોતો, પોતાના વાળ હોરતો, અને પોતાનો નાસ્તો ખાતો હતો. પછી પોતાની ચોપડી પોતાના હાથમા લેઇને નિશાળે જવા નિકળતો હતો.

તેને ઘણે લાંબે જવાનું હતું, પણ તે હમેશા બરાબર વખતસરજ ત્યાં (આવી પુગતો) હતો. તે હમેશાં પોતાના પાઠો કરી લાવતો હતો અને તે સાફ અને સુઘડ હતો.

તૉમની માફક સુઘડ રહેજો, અને ડૅનની માફક ગંદા ના રહેતા—એ નાનો ધડો જેમ તમારાથી બને તેમ બરાબર શિખજો.

---

## Washing day, (કપડાં) ધોવાનો દહાડો.

Cottage, *s.* (કૉટેજ) ઝુપડી.
Country, *s.* (કનટ્રી) ગામડું.
Dolls, *s.* (ડૉલ્સ) ઢીંગલાઓ.
They were busy talking, તેઓ વાત કરવામાં ગુંટાયલાં હતાં.
Was sewing, *v.* (ભિવૉઝ સોઇંગ) સીવતી હતી.

Please may we have a washing day મેહેરબાંની કરીને અમને એક દહાડો (કપડાં) ધોવામાં કાઢવા દેશો?
Wash, *v.* (વૉશ) ધોવું.
Be careful, સંભાળ રાખજો.
Yourselves, *pre.* (યોરસેલ્વ્ઝ) તમે જાતે; તમે પોતે.

**Kitchen**, *s.* (કિચન) રસોડું; રાંધણું.
**Tub**, *s.* (ટબ) નાનુછાલકુ પીપ, તબ.
**Soap**, *s.* (સોપ) સાબુ.
**The green**, *s.* (ધી ગ્રીન) લીલોતરી ભરેલી જગા; મેદાન.
**The clothes were taken off both the dolls**, બેઉ ઢીંગલીઓની કપડાં કાઢી નાખ્યાં.
**Hung**, *v.* (હન્ગ) ટાંગ્યાં.
**Cord**, *s.* (કાર્ડ) દોરી; દોરડું.
**Dry**, *v.* (ડ્રાય) સુકાવું.
**(Were) dressed**, *v.* (ડ્રેસ્ડ) કપડાં પહેરાવ્યાં.
**Queens**, *s.* (ક્વીન્સ) રાણીઓ.

લુસિ અને જેન નામની બે નાની છોકરીઓ ગામડામાં એક ઝુંપડામાં રહેતી હતી.

એક દહાડે તેઓ પોતાની ઢીંગલીઓ સાથે રમતી હતી.

તેઓ કંઇ બીજ વિશે વાત કરવામાં ગુંતાયલી હતી, ત્યારે તેઓમાંની એક કહ્યું "ચાલો જઇએ અને માને પુછીયે."

તેઓ સાથે ઘેરમાં ગઇ કે જ્યાં તેઓની મા સીવતી હતી, અને લુસીએ કહ્યું "મા મેહરબાની કરીને અમને એક દહાડો (કપડાં) ધોવામાં કાઢવા દેશો."

તેઓની માએ કહ્યું "ધોવાનો દહાડો!"

"નાની છોકરીઓને ધોવાના દહાડાનું શું કામ છે?"

જેને કહ્યું, અરે મેહેરબાની કરીને અમને એક દહાડો લેવાદો, કારણકે હમારી ઢીંગલીના લુગડાં ઘણાંજ મેલાં થઇ ગયાં છે."

તેઓની માએ કહ્યું, "શું તે મેલાં છે."

ત્યારે તમે તે ધુઓ; પણ તમે પોતે સાફ રહેવાની સંભાળ રાખજો.

રાંધણીમાં તેઓ પાસે એક નાનું છાલકું પીપ, થોડું ગરમ પાણી અને એક સાબુનો કકડો હતો. પછી બહારની પાછળ લીલોતરી ભરેલી ખુલ્લી જગ્યા હતી ત્યાં તેઓ ગયાં અને ધોવા માંડ્યું.

બેટ્ટ ઢીંગલીઓનાં સઘળાં લુગડાં કાઢી નાંખ્યાં અને પછી તે સાબુના પીપમાં નાખ્યાં.

લુસિએ તે તદ્દન સાફ ધોયાં અને જેને સુકાવાને તે દોરી ઉપર વળગાતાં નાંખ્યાં.

જ્યારે તે ઢીંગલીઓને તે સાફ લુગડાં પાછાં પેહેરાવ્યાં, ત્યારે તેઓ એ નાની રાણીઓના જેવી લાગી.

---

## On the Shore, કિનારા ઉપર.

Sands, *s.* (સૅન્ડસ) રેતી. [કિનારો.
Sea-shore, *s.* (સી-શોર્) દરિયા
A great many, ઘણા સરખા.
Shells, *s.* (શૅલ્સ) શીપ; છીપ.
Lying about, આમતેમ પડેલા.
Further, વધારે આગળ.
Looking for, શોધતાં.
Pockets, *s.* (પૉકેટસ) ગજવાં.
Turned, *v.* (ટર્ન્ડ) ફર્યાં.
Water had come right round, બરોબર ચોતરફથી પાણી ફરી વળ્યું હતું.
A little way off, થોડેક દૂર.
Danger, *s.* (ડેનજર) ધાસ્તી.
Place, *s.* (પ્લેસ) જગા.
Rushed, *v.* (રશ્ડ) ધસારાબંધ. ઝોકાવ્યું; ગયો.
He did not mind the water, તેણે પાણીની દરકાર નહીં કીધી.
Bare, *a.* (બેર) ઉઘાડા.
Stockings, *s.* (સ્ટૉકિંગ્સ) મોજાં.
Wet, *a.* (વેટ) ભીનાયલાં.
Carefully, *ad.* (કેરફુલી) સંભાળથી.
Beach, *s.* (બીચ) કિનારો; કાંઠો.
How good the boy had been to them તે છોકરાએ તેઓ સાથે કેવી ભલાઇ કીધી હતી.

એડિથ પોતાની નાની બેહેનને દરિયા કિનારે રેતી ઉપર રમવા લેઇ ગઇ.

તેઓએ ઘણી સરખી સુંદર શીપો અને પથરા આસપાસ પડેલા જોયા, અને તેઓએ તે ઊંચકવા માંડ્યા.

તેઓ બીજી વધારે શીપો અને પથરા શોધતી પણ સમુદ્રવિશે વિચાર કર્યાવગર વધારે ને વધારે આગળ નિકળી ગઇ.

આખરે તેઓનાં ગજવાં ભરાયાં, અને તેઓ ઘેર જવા ફરી; પણ તે જગ્યાપરથી તેઓ ખસી શકી નહીં, કારણકે જે જગ્યાપર તેઓ ઉભી હતી તે જગ્યાની બરોબર ચોતરફ પાણી ફરી વળ્યું.

એદિથે કહ્યું; અરે આપણે શું કરીશું." અને તેણીની નાની બેહેન રડવા લાગી.

એક છોકરો કે જે રેતી ઉપર થોડેક દૂર (ઉભેલો) હતો તેણે તે છોકરીઓની ધાસ્તી જોઇ.

તે એક બહાદુર માથાળુ છોકરો હતો, કારણકે તે એકદમ તે જગ્યા-પર દોડયો અને તેઓને મદદ કરવાને દરિઆમાં ધસારાબંધ ઝોકાવ્યું.

તેણે પાણીની દરકાર કીધી નહીં, કારણકે તેના પગ ઉઘાડા હતા; પણ બીચારી એદિથના બુટ અને મોજાં ઘણા ભીનાઇ ગયાં હતાં.

તે છોકરા એદિથની નાની બેહેનને સંભાળથી કિનારા ઉપર લેઇ ગયો અને તેણીને એક સુકી જગ્યાપર ઉતારી.

તે છોકરીઓ એકદમ ઘર દોડી ગઇ, અને તે છોકરાએ તેઓ સાથે કેવી ભલાઇ કીધી હતી તે વિશે પોતાની માને કહ્યું.

તે ઘણી ખુશી થઇ અને તેણે જે માથા ભરેલું કામ કીધું તેને સારૂં તેણીએ તેની ઉપર એક સુંદર ભેટ મોકલી.

---

## The Sun, સૂર્ય.

How long, કેટલો વાર સુધી, કહાંસુધી.
Peep, *v.* (પીપ) સેહેજ જોવું, [છાનામાના જોવું.
Edge, *s.* (એજ) કોર.
Blind, *s.* (બ્લાઇન્ડ) પડદો; ચક
I want to say, મહારે કહેવું છે.
Bottom, *s.* (બૉટમ) તળિયું; નિચલો ભાગ.
Good morning, સહવારની [સલામ.
Bed, *s.* (બેડ) ક્યારો.
Buds, *s.* (બડસ) કળીઓ.
Opening, *p.* (ઓપિંગ) ખિલતી.
Park, *s.* (પાર્ક) મેદાન, રમવાની જગો.
Bade, *v.* (બેડ) કીધી.
They could not do without me, મહારા વગર તેઓને ચાલી શકતું હતું નહીં.

Die of cold, થંડીથી મરી જવું.
The sun had found a hole in the blind, સુરજને પડદામાં એક બાકુ જણાયું. (સુરજનું તડકુ પડદાના આંધરામાંથી અંદર આવ્યું.)
Through which જે વાટે it sent it rays પોતાના કિરણ પાડ્યાં right down on his face બરાબર તેના મહોડાં પર.
Sprang, *v.* (સ્પ્રૅન્ગ) છલંગ મારીને
Rubbed, *v.* (રબ્ડ) ચોળી.[ઉઠયો.
Was very late, ઘણો મોડો ઉઠયો.
Was quite early, તદન સકારો ઉઠયો હતો.
Pleased, *v.* (પ્લીઝડ) ખુશી કીધો.
Bunch, *s.* (બન્ચ) ઝુમખો.

નાના છોકરા, ઉઠ. હું કહુંછું કે, એકદમ ઉઠ. તું ત્યાં કહાંસુધી સુઇ રહેવા મારેછે.

તારા સુવાના ઓરડાની બારીની અંદર જોવાની હું લાંબો વખત થયો કોશેશ કરૂંછું; પણ હું માત્ર પડદાની કોર આગળથી સેહેજ અંદર જોઇ શકેયો.

મને "સહવારની સલામ કરવી છે!" અને તારી આસપાસ જે કેટલીક સુંદર ચીજો તું જોય તે મને તુંને દેખાડવી છે.

બાગના નિચલા ભાગમાં ફુલના ક્યારામાં કેટલીક સુંદર કળીઓ હમણાજ ખીલે છે.

ઘરને નાકે (ઉગેલાં) ઝાડમાં એક માળો છે જેમાં ચાર સુંદર પક્ષિનાં બચાં છે.

મેદાનમાં ઝાડની નિચે ઘાસ ઉપર બરફ જેવાં સફેદ છ નાનાં મેંઢાંઓ રમે છે.

સઘળાંઓને જ્યારે હું સહવારની સલામ કરતો હતો, ત્યારે તેઓ મને જોવાને ખુશી હતાં, કારણકે તેઓને મારા વગર ચાલી શકતું હતું નહીં.

જો હું આવતે નહીં તો, કળીઓ ખીલતે નહીં, અને નાનાં પક્ષિ અને મેંઢાંઓ થંડીથી મરી જતે.

પણ સુરજને પડદામાં એક બાંકુ જણાયું કે જે વાટે તેણે બરોબર તેના મહોડાપર પોતાનાં કીરણ પાડ્યા નહીં, ત્યાં સુધી તે છોકરો (બીછાના પરથી) ખસ્યો નહીં.

પછી તે ઘણું મોડું થઇ ગયું એવું વિચારીને, બિછાનાપરથી છલંગ મારીને ઉઠયો, પોતાની આંખ ચોળી, અને પોતાનાં કપડાં પેહેર્યાં.

પણ હજુ તે તદન સકારો ઉઠયો હતો. તેથી તે ચળકતા ગરમીવાળા સુરજને જોવા અને તેને સહવારની સલામ કરવા બહાર દોડી ગયો.

પછી તેણે માળામાં જોયું અને નાનાં પક્ષિઓ જોયાં તેને મેદાનમાં પણ જોયું કે જ્યાં હજુલગી મેઢાંઓ રમતાં હતાં.

પણ બધા કરતાં તે ફુલોથી ઘણો ખુશ થયો, અને એક સુંદર ઝુમખો પોતાની માને આપવા તેણે એકઠો કીધો.

---

## Skipping, દોરડાં પરથી કુદવું તે.

Skip, v. (સ્કિપ) દોરડાં પરથી કુદવું.
Skipping-rope, કુદવાનું દોરડું.
Counted, v. (કાઉન્ટેડ) ગણ્યા.
Took, v. (ટુક) ઉંચકયા, મુકયાં.
Twenty, a. (ટવેન્ટિ) વીસ.
Cheeks, s. (ચીકસ) ગાલ.
Glow, s. (ગ્લો) તેજ.
All in a glow, રતાસવાળા હતી.
Twice, a. (ટવાઇસ) બમના.
Tables, s. (ટેબલ્સ) પારા (આંકના).
Too hard, ઘણા ભારી.
Mistake, s. (મિસ્ટેક) ભૂલ.
Everything, s. (એવરિથિંગ) દરેક ચીજ.
Had done, v. (હેડ ડન) કીધી

મેરીએ જ્યારે પોતાનું કુદવાનું દોરડું લીધું અને ખેતરમાં દોડી ગઇ, ત્યારે તેણીએ કહ્યું, "જોવું કેવી દોરડાપરથી કુદી શકું છું."

તેણીની મા બારણા આગળ ઉભી હતી, અને જ્યારે તેણીની નાંની છોકરી કુદવા લાગી ત્યારે તેણીને જોતી હતી.

જેમ જેમ મેરી એક પછી એક પગલું ભરતી ગઇ તેમ તેમ તે એક બે, ત્રણ, ચાર, પાંચ, છ, એમ ગણતી ગઇ. છેલે તેણીએ વીસ સુધી ગણ્યા.

પછી તે પોતાની મા આગળ દોડી ગઇ. તેણીના ગાલ ઉપર બધો રતાસ આવ્યો હતો, અને તે બોલી, "મા! મા! મેં વીસ કીધાછે."

"તારે ફરીથી કોશેશ કરવી અને વીસથી બમણા કરવા" તેણીની માએ કહ્યું, "જ્યારે હું તારા જેવી નાની છોકરી હતી ત્યારે હું એ કરતાં વધારે કરી શકતી હતી."

મેરીએ કહ્યું, "શું તમે કરી શકતાં હતાં? ત્યારે હું (બી) કરીશ," અને જ્યાંસુધી તેણીબી વીસ કરી શકી નહી, ત્યાંસુધી કોશેશ કરવાને તે દોડ્યા કીધી.

**વીસથી બમણા તે કેટલા તે તું જાણે છે? મેરી જાણતી હતી નહીં. તેણી માત્ર એક છ'ગના આખા પારા સુધી આંક જાણતી હતી.***

જ્યારે તેણીએ એક સાતાંનો પારો શિખવા લીધો ત્યારે તેણીએ કહ્યું કે તે પારો ઘણો ભારે હતો અને તે કરી શકી નહીં.

તેણીની માએ કહ્યું, "ફરીથી કોશેશ કર. જ્યારે હું નાની છોકરી હતી ત્યારે હું સઘળા આંકનાં પારા શિખી હતી; અને જો તું કોશેશ કરશે તો મારી ખાતરી છે કે તું પણ કરી શકશે."

તેણીએ કોશેશ કીધી. જલદીથી તે પારો શિખી, અને પછી બીજો અને બીજો, એ પ્રમાણે જ્યાંસુધી છેલે તે એકડુના આખા પારાથી તે બારમાના પારા સુધી એકણી ભુલ વગર બોલી શકી ત્યાંસુધી (તે શિખી).

જ્યારે તેણીની મા નાની છોકરી હતી ત્યારે જે કાંઇ કરતી હતી તે સઘળું કરવાને તેણીએ કોશેશ કીધી.

---

## Each one-useful, દરએક જણ ઉપયોગી.

Cock, *s.* (કોક) મરઘો.
Cock a doodle-doo, *s.* (ડુડલ ડૂ) મરઘાનું બોલવું, કુકરે કુક.
Farm-yard, ખેતરનો વાડો.
Crowed aloud, મોહોટથી વાસ્યો,
Crowed, *v.* (ક્રોડ) વાસ્યો, કુકરે કુક કીધું.
Useful, *a.* (યુસફુલ) ઉપયોગી.
Always, *ad.* (ઑલઉવેસ) સદા, હમેશાં.
Cluck, *s.* (કલક) મરઘીનું બોલવું કોક, કોક, કોક.
Was walking, *v.* (વૅઝ વાકિંગ) ચાલતી હતી.
Chickens, *s.* (ચિકન્સ) મરઘીનાં બચ્ચાં.
Find, *v.* (ફાઇન્ડ) શોધવું
Egg, *s.* (એગ) ઇંડું.

---

* ગુજરાતીમાં હાલ્મે છ'ગે સાહુાઠ એ રીત આંકનાં પારાનો અંત આવે પણ અંગ્રેજીમાં આગ્રંજમ બોતેર એ રીત બે બારાનો અંત આવેછે.

Master's, s. (માસ્ટર્સ) ધણીના.
Mistress, s. (મિસ્ટ્રેસ) શેઠાણી.
Nice things, મઝાની વસ્તુઓ.
Could not get on well, સારી રીતે ચાલી શકે નહીં, અથવા ઠીક પડે નહીં.
Mew, s. (મ્યુ) બિલાડીનું બોલવું, મીઆઊં.
Keep from, v. (કીપ ફ્રૉમ) દુર રાખવું, અટકાવવું.
Bow wow, s. (બાઉ વાઉ) કુતરાનું ભોંસવું તે.
Kennel, s. (કેનેલ) કુતરાં રાખવાનો ખડો, ઓરડી.
Watch, v. (વૉચ) ચોકી કરૂં છું.
I keep thieves, હું ચોરોને દુર રાખું છું.
From-stealing, ચોરવાથી.
Property, s. (પ્રૉપર્ટી) માલમતા; ધન.
Farmer, s. (ફારમર) ખેડુત.
Yard, s. (યાર્ડ) વાડો.
Threw, v. (થ્રિઉ) નાંખ્યો.
Handful, s. (હૅન્ડફુલ) મુઠીભર.
A handful of corn, એક મુઠી અનાજ.
Placed, v. (પ્લેસ્ડ) મુક્યું.
Cup, s. (કપ) પ્યાલું.
Bone, s. (બોન) હાડકું.
Thus, ad. (ધસ) એ પ્રમાણે
Showed, v. (શોદ) દેખાડયું.
Thought, v. (થૉટ) વિચારતો હતો.
Way, s. (વે) રીત.

મરઘો બોલ્યો "કુકરેકૂક." તે ખેતરના વાડામાં ઉભો રહ્યો અને બધાં સાંભળે તેમ મોટેથી વાસ્યો. કુકરેકૂક! હું કેટલો ઉપયોગી છું; કારણકે હું હમેશાં પેહેલે ઉઠું છું. જેવો સુરજ ઉગેછે તેવોજ ઘરમાંના સઘળાં માણસોને ઉઠવા કહેવાને હું વાસુ છું.

વાડામાંથી મરઘી બોલી, કૅાક! કૅાક! કૅાક! તે ત્રણ સુંદર નાનાં પીલાં સાથે આસપાસ ફરતી હતી, અને તેઓને સારૂ કાંઇ ખોરાક શોધવાની કોશેશ કરતી હતી.

કૅાક! કૅાક! કૅાક! હું તારા કરતાં વધારે ઉપયોગી છું. મારા ધણીના નાસ્તાને સારૂં ઘણી ખરી દરરોજ હું એક સુંદર તાજું ઇંડું મુકું છું.

ત્યારે વિચાર કરો કે હું મારી શેઠાણીને કેવી કામની છુ. મારા ઇંડાંમાંથી કેટલી બધી મઝાની ચીજો તે છોકરાંઓને સારૂં બનાવે છે, તેણીને ઇંડાં વગર ચાલી શકતું નથી.

બિલાડી જે કાંઇ કરી શકતી હતી તે કહેવાને જ્યારે ઘરમાંથી બહાર દોડી ગઇ ત્યારે તે બોલી, "મ્યુ! મ્યુ! મ્યુ"

"મ્યુ! મ્યુ! મ્યુ! હું રોટલી, પનીર, અને અનાજ આગળથી ઉંદરોને દુર રાખુંછું."

જ્યારે કુતરાએ પોતાના ખડામાંથી પોતાનું માથું બહાર કાઢ્યું ત્યારે તે બોલ્યો, "બાઉ! વાઉ! વાઉ! જે કાંઇ મારે કહેવુંછે તે સાંભળો, અને પછી તમે જાણુશો કે (મારૂં) કામ શું છે."

"દિવસે અને રાત્રે હું ઘરની ચોકી કરૂંછું. મારા ધણીની માલમતા હું ચોરોને ચોરવા દેતો નથી. જો હું નહીં હોઉ તો તમે બધાં ક્યાં હોવો (અથવા તમારૂં બધાંનું શું થાય?)"

પછી તરતજ ખેડુત વાડામાં આવ્યો.

તેણે મરઘાંને એક મુઠી અનાજ નાંખ્યો, બિલાડીને સારૂં એક દુધનું પ્યાલું મુક્યું, પછી તેણે કુતરાને એક હાડકુ આપ્યું.

એ પ્રમાણે તેણે દેખાડયું કે તેઓમાનું દરેક તેની પોતાની રીતે ઉપયોગી હતું એવું તે વિચારતો હતો.

---

## God is in Heaven, ખોદા સ્વર્ગમાં છે.

**God**, *s.* (ગૉડ) **ખોદા, ઇશ્વર.**
**Heaven**, *s.* (હિવન) સ્વર્ગ, બેહેશત
**Wrong**, *s.* (રૉન્ગ) ખોટું કામ, અપરાધ.

All day & all night long, આખો દહાડો અને રાત સુધી.
**Tell a lie**, જુઠું બોલવું.
**Spoken low**, ધીમેથી બોલાયલું.

**Sky**, *s.* (સ્કાઇ) આકાશ.
**Care**, *s.* (કેર) સંભાળ.
Below, *ad.* (બિલો) નિચે, હેઠળ.
**Here below**, આ દુનિયામાં.
**Praise**, *v.* (પ્રેઝ) વખાણ કરવી.
Not yet, હાલ નહીં.

**ખોદા** સ્વર્ગમાં છે, અને જ્યારે હું ખોટું કામ કરૂં છું ત્યારે શું તે જોઇ શકેછે? હા, બાળક, તે જોઇ શકેછે; આખો દહાડો અને રાત તે તુને જુએછે.

**ખોદા** સ્વર્ગમા છે; અને જો હું જુઠું બોલું તો શું તેને ખબર પડે? હા બાળક; જો માત્ર ધીમે સાદેથી બોલે તો **તે** તે આકાશમાં (થી) સાંભળે.

**ખોદા** સ્વર્ગમાં છે; અને **તેની** સંભાળને સારૂ તેનો પાડ માનવાને હું (ત્યાં) જઇ શકું? હાલ નહીં; પણ તું **તેને** આ દુનિયામાં ચહા કે તું તે દુનિયામાં **તેની** વખાણ કરશે.

---

## The Rabbit in the Wood, જંગલ માહેલો સસલો.

Beasts, *s.* (બીસ્ટસ) હેવાનો.
Take a walk, ફરવાને.
Sitting, *p.* (સિટિંગ) બેસીને.
Hush, *interj.* (હશ) ચુપ.
Presently, *ad.* (પ્રેઝન્ટલિ) હાલ; તુરત.
Story, *s.* (સ્ટોરિ) વાત.
Gun, *s.* (ગન) બંદુક.
Perhaps, *ad.* (પરહૅપ્સ) કદાચિત કોણજાણે.
Point, *v.* (પૉઇન્ટ) નેમ તાકવી.
I am shot, મને બંદુકથી મારી નાખેછે.
Alack, *interj.* હાય! અફસોસ.
Pop, *v.* (પૉપ) ઘુસારી દેવું, મુકી દેવું.
Sack, *s.* (સૅક) કોથલો.
Fate, *s.* (ફેટ) તકદીર; નસીબ.
I grow faint, હું બેશુધ થાઉંછું.
My spirits sink, મારી હિમ્મત ટુટી જાયછે.
Thieving, *s.* (થીવિંગ) ચોરી, લુંટ.
Replied, *v.* (રિપ્લાઇડ) જવાબ દીધો.

**Honestly**, *ad.* (ઑનેસ્ટલિ) પ્રમાણીકપણાથી.
**Living**, *s.* (લિવિંગ) ગુજરાન.
**Happy**, *a.* (હૅપિ) સુખી.

જે જંગલમાં હેવાનો વાત કરી શકે છે તે જંગલમાં હું ફરવા ગયો, ઝાડીમાં ભરેલા એક સસલાએ મારી તરફ છુપી રીતે જોયું, અને પછી બોલ્યો "ચુપ! હાલ તરત મારી આગળ ન આવજો, અને પોતાની વાત આ પ્રમાણે જાહેર કરી:—

"હું જોઉં છું કે, તમારી પાસ બંદુક છે: તમે કદાચિત તે મારી તરફ ઉતાવળથી તાંકશો; અને જ્યારે બંદુકની ગોળી લાગ્યાથી હું મરી જાઉં ત્યારે અફસોસ! તમે તમારા ખભાના થેલામાં મને ઘુસારી દેશો. જ્યારે મારી તકદીર વિશે હું વિચાર કરૂં છું, ત્યારે હું બેશુધ થાઉં છું—મારી હિમ્મત તુટી જાય છે."

મેં જવાબ દીધો "સુંદર સસલા ખેડુતના ઘઉં ખાઇ ના જતો: જો તું આવી ચોરી કરશે, તો તેને બદલે તુંને તહારી ચામડી આપવી પડશે. (એટલે તુંને મારી નાખીને તહારી ચામડી ઉતારી લેવી પડશે.) તહારૂં ગુજરાન પ્રમાણીકપણાથી ચલાવ કે તું હંજુબી સુખી થાય."

---

## The Kettle and its Friends, કિટલી અને તેના સાથીઓ.

**Kettle**, *s.* (કેટલ) કિટલી.
**Often**, *ad.* (ઑફન) વારંવાર.
**Boiling**, *p.* (બૉઇલિંગ) ઉકળતાં.
**Water**, *s.* (વૉટર) પાણી.
**Breakfast**, *s.* (બ્રેકફાસ્ટ) સહવારનું ખાણું.
**Dinner**, *s.* (ડિનર) બપોરનું ખાણું.
**Tea**, *s.* (ટી) ચા.
**Bear**, *v.* (બેર) સાસવું; ખમવું.
**Heat**, *s.* (હીટ) ગરમી.
**Because**, *com.* (બિકૉઝ) કારણકે.
**Coffee-pot**, *s.* (કૉફી-પૉટ) બીવાની કોફી બનાવવાનું વાસણ; કાવાદાની.
**Tin**, *s.* (ટિન) કલઇ.

**Beside**, *pre.* (બિઆઇડ) કણે; પાસે.
Pour, *v.* (પૉર) નાંખવું.
Hob, *s.* (હૉબ) ભઠી અથવા ચુલા આગળ રાખવાની લોઢાના સલીયા વાલી જાલીનો ચપટો ભાગ; ચુલાનો ચ્હેલો.
Hot, *a.* (હૉટ) ગરમ
Enough, *ad.* (ઇનફ) પુરતું; જોઇએ એટલું.
Scald, *v.* (સ્કૉલ્ડ) બાળવું, ઉનું કરવું.
Feel, *v.* (ફીલ) લાગવું.
Family, *s.* (ફૅમિલિ) કુટુંબ, કબીલો.
Middle, *s.* (મિડલ) વચલો ભાગ.
Tea-pot, *s.* (ટી-પૉટ) ચાદાની.
**Around**, *pre.* (અરાઉન્ડ) આસપાસ.
Cups, *s.* (કપ્સ) પ્યાલાં.
Saucers, *s.* (સૉસર્સ) રકાબી, સાસર
Chickens, *s.* (ચિકન્સ) પિલાં, મરઘીના બચાં.
Greatest, *a.* (ગ્રેટેસ્ટ) સૌથી મોટો.
Clay, *s.* (કલે) માટી; મટોડી.
Are baked, *v.* (આર બેકડ) પકાવવામાં આવેછે; ભુજવામાં આવેછે.
Oven, *s.* (અવન) ભઠ્ઠી.
Bid good after-noon, પાછળા પોહોરની સલામ કરવી.
Boil, *v.* (બૉઇલ) ઉકાળવું.

હું એક કિટલી છું. તમારા નાસ્તા, બપોરના ખાના અથવાચાને સારૂં પાણી ઉકાળવાનાં કામમાં રોકાયલી તમોએ મને વારંવાર જોઇછે. હું શાની બનેલી છું તે તમે જાણોછો ? હું તમને કહીશ. હું લોઢાની બનેલી છું કારણકે લોઢું ઘણી ગરમી ખમશે. અહીંઆ મારી સહી કાવાદાની છે. તે શાની બનેલી છે તે તમે જાણો છો ? “નહીં.” ત્યારે હું તમને કહીશ. મારી સહી કાવાદાની કલઇની બનેલી છે. તે કોઇ વખત ચુલાના ચ્હેલા ઉપર મારી પાસે બેસેછે. જો તેને સ્પર્શ સક્તિ હોય તો તેને દઝાડે એટલું ગરમ પાણી વારંવાર હું તેની અંદર નામું છું.

હવે તમે મારી સહીઓના કુટુંબને જોશો. હું જેટલી ઉપયોગી છું તેટલી ઉપયોગી તેઓ વગર થાઊં નહીં. તેઓ અહીંઆ છે. તમે વચોવચ ચાદાની જુઓ છો અને તેની આસપાસ મરઘી અને તેના પીલાંની આફક બરોબર પ્યાલાં અને રકાબીઓ પણ જોશો. કાવાદાની અને ચાદાની મારી બે સૌથી

મ્હોટી સહીઓ છે. મને મારી બે સહીઓ સાથે જેટલું કામ પડેછે તેટલું કામ મને પ્યાલાં ને રકાબીઓ સાથે પડતુ નથી. પણ હું તેઓને વારંવાર જોઉંછું, અને તે શાનાં બનેલાં છે તે હું જાણું છું.

પ્યાલાં અને રકાબીઓ માટીનાં બનેછે, અને તેઓને કઠણ કરવાને ભઠ્ઠીમાં પકવે છે.

મને ચાને સારૂં પાણી ઉકાળવાનું છે તેથી મારે તમુને બપોરની સલામ કરીને જવું જોઈએ.

---

## Sailing the Boat, મછવો હંકારવાની રમત.

Pond, *s.* (પૉન્ડ) તળાવ; સરોવર.
Sail, *v.* (સેલ) હંકારવું. [ગેલું છે.
Is painted, *v.* (ઇઝ પેન્ટેડ) રં-
Flag, *s.* (ફ્લૅગ) વાવટો [વે છે.
Is filling, *v.* (ઇઝ ફિલિંગ) ફુગ-
Cross, *v.* (ક્રૉસ) જવું, પાર જવું.
Start, *v.* (સ્ટાર્ટ) હડસેલો મારવો.
It will keep sailing from side to side, એક બાજુએથી બીજી બાજુએ આવ જા કર્યા કરશે.
Careful, *a.* (કેરફુલ) સાવચેત.
Slip, *v.* (સ્લિપ) લપસી જવું,
Get wet, ભીંજાવું. [સરી જવું.
John came to grief, જૉન સંકટમાં આવી પડયો.

How it was, તે કેમ થયું હતું.
Holiday, *s.* (હૉલિડે) તહેવાર.
After-noon, *s.* (આફ્ટર-નુન) પાછળા પોહોર.
Came to pay him a visit, તેની મુલાકાતે આવ્યો હતો.
Lily, *s.* (લિલિ) કમળફુલ.
So close, એટલું તો નજદીક.
He felt sure, તેની ખાતરી હતી.
Cousin, *s.* (કઝિન) પિત્રાઇ ભાઇ.
Deep, *a.* (ડીપ) ઊંડું.
John would have his own way, જૉન પોતાની મરજી પ્રમાણે ચાલવા માંગતો હતો.

| | |
|---|---|
| **Taking hold of a branch,** એક ડાંખળી પકડીને. [લાંબો કીધો. | **John got a ducking,** જૉન પાણીમાં બચકોરા ખાવા લાગ્યો. |
| Stretched out, *v.* (સ્ટ્રેચ્ડ આઉત) | It did him good, તેથી તેને ફાયદો થયો; તેથી તેને સારૂં થયું. |
| Broke, *v.* (બ્રૉક) ભાગી ગઇ | |

જૉન, પોતાનો નવો મછવો હંકારવાને, સરોવર આગળ આવ્યો છે. તે તેને "બ્લીઉ બૅલ" કહેછે, કારણકે તે આસમાની રંગથી રંગેલો છે, અને તે પર આસમાની રંગનો નાનો વાવટો છે.

જુઓ પવન તેના સઢો ફુગવેછે. તે જલદીથી તે સરોવરની બીજી બાજુએ જશે.

પછી જૉન બીજી બાજુએ ફરીને જશે અથવા દોડી વલશે, અને ફરીથી તેને હડસેલો મારીને ચલાવશે તેથી કરીને તે એક બાજુએથી બીજી બાજુએ આવ જા કર્યા કરશે.

જો એક છોકરો પાણીમાં સરી નહીં જાય અને બોળાય નહીં તે વિશે સાવચેત રહે તો તેને સારૂ આ એક સારી ગમત (થઇ પડે) છે.

જૉન, એક વખત આ સરોવરમાં સંકટમાં આવી પડયો હતો. તે કેમ થયું તે મને તમને કહેવા દો કે તેની ભુલ પરથી તમે એક ધડો શિખો (અથવા તમને શીખામણ મળે).

એક તેહેવારના દહાડાના પાછળા પોહોરે તેનો પિત્રાઇ ભાઇ ફ્રેદ તેની મુલાકાતે આવ્યો હતો. તેઓ આ સરોવર આગળ રમવા ગયા. જૉને એક સુંદર સફેદ કમળ ફુલ તે તલાવની કોરની એટલું તો નજદીક દીઠું કે તેની ખાતરી હતી કે તે તે મેળવી શકશે.

તેના પીત્રાઇ ભાઇ ફ્રેદે કહ્યું "(તે લેવાની) તારે કોશેસ નહીં કરવી. સરોવર બહુ ઉંડું છે અને તું એમાં પડશે."

**પણ જૉન પોતાની મરજી પ્રમાણે ચાલવા માગતો હતો. એક ડાંખળી પકડીને, તેણે તે ફુલ લેવાને પોતાનો હાથ લાંબો કીધો.**

તેડાંખળી ભાગી ગઇ અને જૉન પાણીમાં બચકોરા ખાવા લાગો. પણ તેથી તેને ફાયદો થયો, કારણકે તેથી તે વધારે સાવચેત રહેવા શિખ્યો.

---

## Morning Song, સવારનું ગીત.

Glows, *v.* (ગ્લોઝ) પ્રકાશે છે.
Night has fled away. રાત પુરી થઇ છે.
Every, *a.* (એવરી) દરેક.
Joyful, *a.* (જોયફુલ) ખુશી ભરેલો
Echoes, *v.* (એકોઝ) પડઘા થાય છે.
Sound, *s.* (સાઉન્ડ) અવાજ; નાદ.
Morn, *s.* (મૉર્ન) સહવાર.
Guard, *s.* (ગાર્ડ) ચોકી; સંભાળ.
Thou a guard hast kept over me, તેં મારી સંભાળ રાખી
Slept, *v.* (સ્લેપ્ટ) ઊંઘ્યો.
Raise, *v.* (રેઝ) મહોટેથી બોલવું.
Praise, *s.* (પ્રેઝ) સ્તુતી, વખાણ.
Pray, *v.* (પ્રે) પ્રાર્થના કરવી.
Ever, *ad.* (એવર) હમેશાં, સદા.

દહાડો ચલકાતથી પ્રકાશેછે, રાત પૂરી થઇ છે; દરેક ખુશી ભરેલા નાદનો પ્રતિશબ્દ સઘળે ઠેકાણે થાયછે. સહવાર મને મીઠી (મનોહર) લાગેછે; અરે ઇશ્વર (હું) તારો પાડ માનું છું; જ્યારે હું ઉંઘાયો હતો ત્યારે તેં મારી સંભાળ રાખી.

જ્યારે તારી વખાણ વિશેનું આ મારૂં ગીત હું મોટેથી ગાઉં, ત્યારે મને સાંભળજે; મારૂં અંતકરણ હમેશાં દરેક દહાડે તારી પ્રાર્થના કરે (એવું હું ચાહુંછું).

---

## Evening Song, સાંજનું ગીત.

The sun has set, સુરજ અસ્ત પાંમ્યો છે. [પાછું ફરીથી.
Anew, *ad*. (એનિઉ) નવેસરથી.
Fallen, *a*. (ફૉલન) પડેલા.
Dew, *s*. (ડિઉ) દવ.
Has sunk to rest, ઊંઘમાં પડયું છે; આરામ લીધો છે. [માં.
In slumbers deep, ભર ઊંઘ-
Has covered up, ઢાંકયું છે.
Its scented cup, તેની ખુશબોવાળું પ્યાલું.

Each flower has covered up its scented cup, દરેક ફુલે પોતાની ખિલેલી ખુશબોદાર કળીઓ પાછી બિડી નાંખી છે.
Filled, *p*. (ફિલ્ડ) ભરેલું.
For through the night, કારણકે રાતે.
As in the light, દહાડાની માફક.
Our God is near, આપણો ખોદા નજદીક હોય છે.

સુરજ અસ્ત પામ્યો છે; અને હમણા પડેલા દવથી પાછું ઘાસ ભીનાયું છે. દરેક નાનું પક્ષિ ઉંઘમાં પડયું છે; તેના માળામાં ગાયન સંભળાતું નથી. વળી દરેક ફુલે, પોતાની સઘળી દવથી ભીનાઇ ગયલી ખુશબોદાર ખીલેલી કળીઓ પાછી બીડી નાંખી છે.

હુબી, ભર ઉંઘમાં સહવારની રોશની પડે ત્યાંસુધી આખી રાત ઉંઘઇશ.

હું બીહીશ નહીં: કારણકે દહાડાની માફક, રાતે ખોદા આપણી નજદીક હોયછે.

